# ઇ.બી.સી. ફી માફી મેળવવા માટે અરજી કરવા તથા ફોર્મ ભરવા અંગે સુચનાઓ

(૨૫)

(૧) જે વિદ્યાર્થીઓના કુટુંબના માણસોની એકત્ર વાર્ષિક ચોખ્ખી આવક રૂપિયા ૨૫૦૦૦/- થી ઓછી થતી હશે તેમને સરકાર તરફથી આર્થિક પછાત વર્ગની માફી આપવામાં આવે છે. આ માફી મેળવવા માટેનું અરજીનું ફોર્મ કોલેજ ઓફિસમાંથી રૂા. ૨૦-૦૦ આપવાથી મળી શકશે. ફોર્મમાં બધી હકીકત ભરીને **યોગ્ય અધિકારીની સહી તથા તેમની કચેરીનો સિક્કો (ગોળ)** કરાવીને કોલેજ ઓફિસમાં દાખલ થતી વખતે જ આપી દેવાનાં તે પછી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

(૨) દાખલ થતી વખતે ઇ.બી.સી. ફોર્મ રજુ કરનાર વિદ્યાર્થી પાસેથી ઇ.બી.સી. માફીની રકમનો ચેક સરકારશ્રીમાંથી મંજૂર થયે આપવામાં આવશે.

(૩) અરજીમાંથી માહિતી, આવક,જમીન વગેરે પ્રમાણિત કરનાર અધિકારીની કચેરીના ગોળ સિક્કા વિના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. એટલે કે હોદ્દાનો સિક્કો તથા ગોળ સિક્કો એમ બે સિક્કા લગાડવાના છે.

(૪) જે વિદ્યાર્થીના પિતા-વાલી જે જગ્યાએ નોકરી કરતા હોય તે સંસ્થાનો વડાનો તા. ૧-૪-૨૦....... થી ૩૧-૩-૨૦....... સુધી આવકનો દાખલો **(મોંઘવારી તેમજ અન્ય ભથ્થા સાથે)** બે નકલમાં લગાડવાનો છે.

(૫) ઇ.બી.સી. માફી ફોર્મમાં કમાતા સભ્યોના નામમાં જો પિતા અગર માતા હયાત ન હોય તો ખાનામાં પિતા અગર માતા ગુજરી ગયા છે એમ સ્પષ્ટ લખવું.

(૬) ઇ.બી.સી. માફી ફોર્મની સાથે છેલ્લી પાસ કરેલ પરીક્ષાની માર્ક સીટની બે ખરી નકલો (ટ્રુ કોપી) જોડવી.

(૭) જે વિદ્યાર્થીને છેલ્લી પરીક્ષામાં ૫૦% કે ૫૦% કરતાં વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીને આખી માફી આપવામાં આવશે. ૫૦% કરતાં ઓછા ગુણાંકવાળા વિદ્યાર્થીઓને તથા એ.ટી.કે.ટી. મેળવી ઉપલા વર્ગમાં દાખલ થનાર વિદ્યાર્થીને અડધી ફી માફી આપવામાં આવશે. ટકાવારી યુનિવર્સિટી/બોર્ડના નીતી નિયમો પ્રમાણે ગણવાની છે. ટકાવારી **યુનિવર્સિટી એક્ઝામના** ખાનામાં દર્શાવેલ ગુણ ઉપર ગણવી, જે વિદ્યાર્થીએ છેલ્લી પરીક્ષા બે પ્રયત્નો (બે ટ્રાયલ) થી પાસ કરી હશે તેવા વિદ્યાર્થીઓ ઇ.બી.સી. ફી માફીને પાત્ર ગણાશે નહીં. **એમ એસ.સી. પાર્ટ-૧ અને ૨ના વિદ્યાર્થીઓને ૬૦% મેળવેલ હશે** તેમને જ આખી ફી માફી આપવામાં આવશે. અડધી ફી માફી આપવામાં આવતી નથી.

(૮) ખેડૂત જમીનદાર હોય તેમણે દરેક ફોર્મ સાથે નં.૭-૧૨ના ઉતારાની બે નકલો તથા નમુના ૮-અ ના ઉતારાની બે નકલો સામેલ રાખવી. જે ઉતારા તા. ૧-૪-૨૦....... પછીની તારીખના હોવા જોઇએ.

(૯) ઇ.બી.સી. ફી માફીના ફોર્મમાં અધિકારીની સહીમાં તલાટી-કમ-મંત્રી અથવા તલાટીની સહીવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

દરેક વિદ્યાર્થીએ ફોર્મના બે સેટ બનાવી જ ઓફિસમાં રજુ કરવાના છે.

આચાર્ય